૨૩. ધોરણ:૯,૧૦ માં ૨.૫૦ લાખથી ઓછી વાર્ષિક આવક ધરાવતાં વિદ્યાર્થીઓએ વર્ષ:૨૦૨૧-૨૨ માં હાલમાં કોવિડ-૧૯ પેન્ડેમીકને કારણે હોસ્ટેલ શરૂ થયેલ ન હોઇ તમામ વિદ્યાર્થીઓ માટે ડેસ્કોલર પસંદ કરી પ્રપોઝલ બનાવવાની રહેશે.

૨૪. અત્રેની કચેરી હસ્તક ૭ જિલ્લાઓ આવતા હોવાથી સંકલન અને સહકારથી સદરહું કામગિરીનો નિકાલ થાય તે માટે વ્હોટસેપ ના માધ્યમથી પણ અવશ્ય જોડાયેલા રહેવુ. તેમજ વ્હોટસેપ નંબર અંગેની માહિતી હવે પછીની માર્ગ દર્શિકા દ્વારા આપવામાં આવશે.

૨૫.સૌથી અગત્યનો મુદ્દો કેટલીક રાષ્ટ્રીયકૃત બેંકો મર્જ થયેલ હોવાથી તેઓના બેંક એકાઉન્ટ નંબર તથા આઇએફએસસી કોડ બદલાયેલ હોવાથી પોર્ટલ ઉપર આવા એકાઉન્ટ નંબર ધરાવતા વિદ્યાર્થીઓના બેંકની માહિતી ડીલીટ કરવામાં આવેલ છે જેથી આવા તમામ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ નંબર તથા બેંકનું નામ, આઇએફએસસી કોડ નાખીને એકાઉન્ટને લગતી માહિતી અપડેટ કરવાની રહેશે.

| અ.નં. | બેંકનું નામ | જે બેંકમાં મર્જ થયેલ છે તે બેંકનું નામ |
|---|---|---|
| ૧ | દેના બેક | બેંક ઓફ બરોડા |
| ૨ | વિજયા બેંક | |
| ૩ | આંધ્રબેંક | યુનિયન બેંક ઓફ ઇન્ડિયા |
| ૪ | કોર્પોરેશન બેંક | |
| ૫ | અલ્હાબાદ બેંક | ઇન્ડીયન બેંક |
| ૬ | સીન્ડીકેટ બેંક | કેનેરા બેંક |
| ૭ | ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સ | પંજાબ નેશનલ બેંક |
| ૮ | યુનાઇટેડ બેંક ઓફ ઇન્ડીયા | |
| ૯ | દેના ગુજરાત ગ્રામીણ બેંક | બરોડા ગુજરાત ગ્રામીણ બેંક |

આ માટે કોવિડ-૧૯ ના સરકારશ્રીનાં નિયમોનું પાલન કરીને માહિતી એકત્ર કરવાની રહેશે. જો આપની બ્રાન્ચ કે આઇએફએસસી કોડ પોર્ટલ પર ન મળેતો હેલ્પ મેનુમાં જઇને તેને એડ કરવાની રહેશે.

સદર બાબત અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને લગત હોય જે લક્ષમાં લઈ આ કામગીરીને ટોચની અગ્રતા આપવી. અત્રેની કચેરી હેઠળ સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓ આવતા હોય તેમજ જિલ્લા નિરીક્ષકની જગ્યા પણ ન હોવાથી આપના હસ્તકના જિલ્લાઓના શાળા આચાર્યશ્રીઓના સંકલન અને સહકારથી કાર્યવાહી કરવા સારૂ.

**મદદનીશ કમિશ્નર(વર્ગ-૧)**
આદિજાતિ વિકાસ રાજકોટ

બિડાણ:

૧. **અત્રેના ખાતાની ડિજિટલ ગુજરાત પોર્ટલમાં સમાવેશ કરેલ યોજનાઓની વિગત અને શરતો બાબતનુ પત્રક-અ**

[illegible] **ની કામગીરીનં માસવાર આયોજન અંગેનુ પત્રક**

પરીપત્ર નં-૭૭૦

ક્રમાંક:યજન/શિષ્યવૃતિ/૨૦૨૧-૨૨/5183
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી, તા.૨૦/૦૭/૨૦૨૧

ઉપરોક્ત પત્રની જાણ તથા અમલ સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.મા.શાળાઓ તમામ
જિ.અમરેલી

## Digital Gujarat Portal મારફત Online કરવાની થતી યોજનાઓની સામાન્ય શરતો (પત્રક-બ)

### કમિશ્નર, આદિજાતિ વિકાસ વિભાગ , ગાંધીનગર

| ક્રમ | યોજનાનુ નામ | સામાન્ય શરતો |
|---|---|---|
| 1 | VKY-153 Prematric Scholarhsip (Std:1to10) | - સદરહું યોજનામાં ધો-૧ થી ૮ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે.<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- સદર યોજનામાં ધો-૯ અને ૧૦ ના જે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના મા-બાપ વાલીની ગત નાણાંકીય વર્ષની વાર્ષિકઆવક રૂ.૨.૫૦ લાખથી વધારે હોય તેનો જ સમાવેશ કરવાનો છે. રૂ.૨.૫૦ લાખથી ઓછી આવક વાળા વિદ્યાર્થીઓને વીકેવાય-૨ (૩૩૮) યોજનામાં સમાવવાના રહેશે.<br>- સદરહું શિષ્યવૃતિનો લાભ મેળવનાર વિદ્યાર્થીને અન્ય શિષ્યવૃતિ મળવાપાત્ર નથી. |
| 2 | VKY-153 Prematric Scholarhsip for most backwords (Std:1to10) | - સદરહું યોજનામાં ધો-૧ થી ૮ના અનુસૂચિત જનજાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે<br>- સદરહું યોજનામાં ધો-૯ થી ૧૦ના અનુસૂચિત જનજાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- સદર યોજનામાં ધો-૯ અને ૧૦ ના જે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના વાલીની આવક રૂ.૨.૫૦ લાખથી વધારે હોય તેનો જ સમાવેશ કરવાનો છે. રૂ.૨.૫૦ લાખથી ઓછી આવક વાળા વિદ્યાર્થીઓને વીકેવાય-૨ (૩૩૮) યોજનામાં સમાવવાના રહેશે.<br>- સદરહું શિષ્યવૃતિનો લાભ મેળવનાર વિદ્યાર્થીને અન્ય શિષ્યવૃતિ મળવાપાત્ર નથી. |
| 3 | [VKY-1 Uniform Assistance] | - સદરહું યોજનામાં ધો-૧ થી ૮ના અનુસૂચિત જનજાતિ (અતિ પછાતજાતિ સહિતના) વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે.<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- વીકેવાય- ૧ ના ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવાનો રહેશે. |
| 4 | VKY-2 (338) PreMatric Scholarship for STs (Std: 9-10) Income less than 2.00 Lakhs | - સદરહું યોજનામાં ધો-૯ થી ૧૦ના અનુસૂચિત જનજાતિ તથા અનુસૂચિત જનજાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓના મા-બાપ/વાલીની ગત નાણાંકીય વર્ષની વાર્ષિક આવક રૂ. ૨.૫૦લાખ થી ઓછી હોય તેઓને લાભ આપવાનો રહેશે.<br>- સદરહુ યોજનામાં વાલીની આવક મર્યાદા રૂ. ૨.૫૦ લાખ છે.<br>- આધાર કાર્ડ હોવું ફરજિયાત છે.<br>- સદરહું યોજના અંતર્ગત વિદ્યાર્થીઓનુ નિયત ફોર્મ ભરી સાધનિક પુરાવા મેળવી શાળા કક્ષાએ અચુક રાખવાના રહેશે. (સાધનિક પુરાવામાં વિદ્યાર્થીના જાતિના દાખલાવની પ્રમાણિત નકલ, જો કોઇ વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ પ્રમાણપત્ર, જો વિદ્યાર્થી હોસ્ટેલર હોય તો તે અંગેનુ પ્રમાણપત્ર ફરજિયાત ફોર્મ સાથે રાખવાનુ રહેશે.)<br>- સદરહું શિષ્યવૃતિનો લાભ મેળવનાર વિદ્યાર્થીને અન્ય શિષ્યવૃતિ મળવાપાત્ર નથી. |

